Indian Institute of Public Health, Gandhinagar ને નોમિનેશન બેઝીઝથી THRમાં વેલ્યુ એડીશન કર્યા બાદ અને પહેલાની લાભાર્થીઓ પર થતી અસરનો અભ્યાસ કરવાની કામગીરી સોંપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક-આઈસીડી-૧૧૨૦૨૧-૬૫૧-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૧-૦૨-૨૦૨૨

વંચાણે લીધા :

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક-આઈસીડી-૧૧૨૦૨૧-૯૮-બ, તા.૨૬/૪/૨૦૨૧

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૭-૯-૨૦૨૧ નો પત્ર ક્ર: IIPHG Study/Ayush THR/2021/157

આમુખ :

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજયમાં નર્મદા, દાહોદ,ભાવનગર, ડાંગ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ૩-૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ટેક હોમ રેશનમાં મૂલ્યવર્ધન કરી બાલશકિત પ્લસ, માતૃશકિત પ્લસ (રસાયણ ચૂર્ણ) અને માતૃશકિત પ્લસ (કાટલું) આપવાનું નકકી કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરની દરખાસ્ત અન્વયે IIPH ગાંધીનગરને નોમિનેશન બેઝીઝથી THRમાં વેલ્યુ એડીશન કર્યા બાદ અને પહેલાની લાભાર્થી પર થતી અસરનો અભ્યાસ કરવાની કામગીરી સોંપવાની બાબત વિચારણા હેઠળ હતી. જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે

ઠરાવ :

ટેક હોમ રાશનમાં વેલ્યુ એડીશન કર્યા બાદ અને પહેલાની સગર્ભા, ધાત્રી માતા અને બાળકો પર થતી અસરનો અભ્યાસ કરવા માટે Indian Institute of Public Health, Gandhinagar (IIPH-G) ને નોમિનેશન બેઝીઝથી કામ સોંપવા તેમજ તે માટે રૂ.૮,૮૪,૦૦૦/- ના સંભવિત ખર્ચને આથી મંજુરી આપવામાં આવે છે.

સદર કામગીરીમાં કુલ ૧૨ જિલ્લાઓ (નર્મદા, દાહોદ,ભાવનગર, ડાંગ, દેવભૂમિ દ્વારકા, જામનગર, વલસાડ, તાપી, પંચમહાલ, પોરબંદર, રાજકોટ અને બોટાદ) ને આવરી લેવાના રહેશે.

આ ઠરાવ આ વિભગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૭/૧/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨/૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ.

પ્રતિ

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. રાક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) મુખ્યસચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રી, (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર

(૭) નિયામકશ્રી, (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર.

(૮) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) શાખા સિલેકટ ફાઈલ.